# મોડાસામાં જિલ્લાના આંજણા ચૌધરી આગેવાનોની બેઠક યોજાઈ

**ગાંધીનગરમાં આગામી ૧૬મી એપ્રિલ.૨૦૨૩ ના રોજ દેશભરમાંથી આંજણા ચૌધરી આગેવાનોનું મહાધિવેશન યોજાશે : અડાલજ ખાતે યોજાનાર આ મહા અધિવેશનની તડામાર તૈયારીઓ આરંભાઈ:હજારોની મેદની**

મોડાસા, તા.૫

મોડાસામાં જિલ્લાના આંજણા ચૌધરી સમાજના આગેવાનોની બેઠક એક બેઠક મંગળવારે સત્યમ વિધાલય ખાતે સમાજના વરિષ્ઠ આગેવાનોની ઉપસ્થિતિમાં યોજાઈ. હતી.

જેમાં ગાંધીનગરમાં અડાલજ ખાતે આગામી ૧૬મી



એપ્રિલ.૨૦૨૩ ના રોજ દેશભરમાંથી તમામ રાજ્યોમાંથી એક જ મંચ ઉપર ઉપસ્થિત રહેનાર આંજણા ચૌધરી સમાજના આગેવાનોનું મહાઅધિવેશન યોજાઈ રહ્યું છે .જેમાં દરેક રાજ્યોમાંથી હજારો આંજણા ચૌધરી સમાજના આગેવાનો ઉપસ્થિત રહેનાર હોઈ વિગતે માહિતી આપવામાં આવી હતી.. ઉત્તર ગુજરાતના સાબરકાંઠા-અરવલ્લી ,મહેસાણા, બનાસકાંઠા, પાટણ અને ગાંધીનગર સહિત ગુજરાત ઉપરાંત પડોશી રાજ્ય રાજસ્થાન સહિત દેશભરના તમામ રાજ્યોમાંથી ચૌધરી સમાજના આગેવાનોનો મોટો સમુદાય અડાલજ, ગાંધીનગર ખાતે ઉમટી પડશે અને એના માટે આમંત્રણ પત્રિકાઓનું તમામ જિલ્લા,તાલુકા અને ગામેગામ વિતરણ કરવાના ભાગરૂપે યોજાતી બેઠકોના ભાગરૂપે મંગળવારે મોડાસામાં પણ સત્યમ વિધાલય ખાતે મોડાસા,મેઘરજ,બાયડ,ધનસુરા,ભિલોડા અને માલપુર સહિતના જિલ્લાના ગામોમાંથી આગેવાનોની એક બેઠક સમાજના આગ્રણી અને શેઠ શ્રી હરિભાઈ વેલજીભાઈ ચૌધરી(ચરાડાવાળા) અને અખિલ ભારતીય આંજણા સમાજ મહાસભાના અધ્યક્ષ વિરજીભાઈ ઝૂંડાલ અન્ય અગેવાનોની ઉપસ્થિતિમાં યોજાઈ હતી જેમાં સમાજના સંગઠન અને મહાધિવેશન અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.અને નિમંત્રણ પાઠવવામાં આવ્યું હતું. પ્રારંભે મોડાસામાં આખીલ આંજણા કેળવણી મંડળના આદ્યસ્થાપક હીરાભાઈ એસ.પટેલ (ધારાશાસ્ત્રી)દ્વારા મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું અને વટવૃક્ષ બનવા જઈ રહેલ મોડાસા આંજણા સમાજની શૈક્ષણિક સંસ્થાઓ અને સંકુલના વિકાસ અને આવશ્યકતાઓ બાબતે પણ હીરાભાઈએ વિગતવાર માહિતી આપી હતી અને ઉપસ્થિત જિલ્લાના સૌ આગેવાનોને પણ આવકાર્યા હતા. ગોરધનભાઈ પટેલ સહિત મોડાસા તાલુકાના અને જિલ્લાના અન્ય આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા. અખિલ આંજણા ચૌધરી કેળવણી મંડળ,ગાંધીનગરના પ્રમુખ શેઠ હરિભાઈ વેલજીભાઈ ચૌધરીએ આખાય મહાધિવેશનના હેતુ અને સંગઠનના વ્યાપ ને દેશભરના રાજ્યોમાં વસતા સમાજના ભાઈઓ વિશે ખ્યાલ આપ્યો હતો અને કેટલીક ચાવીરૂપ બાબતો અંગે ઉડાણ પૂર્વક વિગતો આપી હતી.અખિલ આંજણા કે.મંડળ, ગાંધીનગરના ઉપપ્રમુખ રાણછોડભાઈ ચૌધરી, જ્યારે સાબરકાંઠા જિલ્લામાંથી સમાજના બંને જિલ્લાના સંગઠન અગ્રણી કેશુભાઈ પટેલ(મોટા કોટડા) પણ ઉપસ્થિત રહ્યા હતા. અન્ય આગેવાનો પણ ઉપસ્થિત રહ્યાં હતાં. મોડાસા સત્યમ વિધાલય ખાતેની આ બેઠકમાં મા.હીરાભાઈ એસ.પટેલ એડવોકેટ,ગોરધનભાઈ પટેલ, ફલજીભાઈ પટેલ, (ગોધમજી વાળા), હરેશભાઈ એન.પટેલ, નારાયણભાઈ મકનાભાઈ પટેલ, પ્રભુદાસભાઈ પી. પટેલ, રમણભાઈ પટેલ, સાયરા,પી.એલ. પટેલ (રખિયાલ), જયંતિભાઈ ભીખાભાઈ પટેલ, કાન્તીભાઈ સોમાભાઈ પટેલ, ચીમનભાઈ આર. પટેલ, ચિરાગભાઈ પટેલ (નવી શિણોલ) પોપટભાઈ પટેલ,બી.કે. પટેલ(ખોડંબા) સહિત મોટી સંખ્યામાં આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

**ગઠીયા ટોળકી સી.સી.ટીવી કેમેરામાં કેદ, પોલીસ માટે રાહત**

# તલોદમાં બનાવટી જી.એસ.ટી. અધિકારી બનીને આવેલા ગઠીયાઓએ વેપારી પાસેથી રૂા.૧.૫૦ લાખ પડાવ્યા

**તલોદ પોલીસને લેખિતમાં ફરિયાદ આપી, અસંખ્ય વેપારીઓ મુંડાયાની આશંકા**

બાયડ, તા.૫

સાબરકાંઠા જિલ્લાના તલોદ, પ્રાંતિજ વિસ્તારમાં માર્ચ



એન્ડીંગના દિવસ દરમ્યાન જી.એસ.ટી. અધિકારી તરીકે ઓળખ આપી આવેલી ૨ મહિલાઓ સહિત ૪ ગઠીયાઓની ટોળકીએ તપાસના બહાને અનેક વેપારીઓને ખંખેર્યા છે. જ્યારે તલોદના વેપારી પાસેથી પણ બનાવટી અધિકારીઓએ રુ ૧.૫૦લાખની રકમ પડાવતાં તલોદ પોલીસને લેખિત ફરિયાદ આપવામાં આવી છે. તપાસ બાદ ગઠીયા ટોળકી હાથ લાગે તો અનેક ચોંકાવનારા ખુલાસા થવાની આશંકા છે. મળતી માહિતી અનુસાર જી.એસ.ટી.ના કારણે અનેક વેપારીઓ ડરામણા બની ગયા છે. પરંતુ વેપારીઓએ જી.એસ.ટી. નંબર મેળવીને વ્યવસાય કરવાથી તેના કેટલા ફાયદા છે તે પણ ભૂલવું ન જોઈએ. તાજેતરમાં ગત માર્ચના અંતિમ દિવસો દરમ્યાન ૨ મહિના સહિત ૪ સાગરીતો અપડેટ ડ્રેસ પહેરી અને ગળામાં આઈ-કાર્ડ લગાવી તલોદના વેપારી કનુભાઈ પ્રજાપતિના ત્યાં આવ્યા હતા અને જી.એસ.ટી. અધિકારીઓ છીએ તેવી ઓળખ આપી તપાસના નામે ડર ઉભો કર્યો. એકાએક જી.એસ.ટી.ની ટીમ વેપારીના આંગણે આવીને ઉભી રહેતાં વેપારી ડરામણા બની ગયા હતા અને ત્યાર પછી ટીમ દ્વારા જી.એસ.ટી.માં ગેરરીતી કરી રહ્યા છો તેવી વાત કરી મામલો દબાવવા માટે માતબર રકમ માંગવામાં આવી હતી જેમાં વેપારી દ્વારા રુ દોઢ લાખ આપવામાં આવ્યા હતા અને ત્યારબાદ બહાર આવેલી વિગતો અનુસાર સદર ટોળકીએ અનેક વેપારીઓને પોતાના શિકાર બનાવ્યાનું બહાર આવ્યું છે. જેથી તલોદના વેપારીએ હિંમત દાખવી તપાસ માટે આવેલી ટીમ જી.એસ.ટી.ના બનાવટી અધિકારી હતા કે કેમ તે માટે તલોદ પોલીસમાં તપાસ માટે લેખિત અરજી આપતાં હલચલ મચી ગઈ છે. જ્યારે વેપારીના ત્યાં આવેલી તપાસ ટીમ સી.સી.ટીવી કેમેરામાં કેદ થઈ ગયા પછી પોલીસ માટે અસલી કે નકલી જી.એસ.ટી. અધિકારીનો ભેદ ઉકેલવો આસાન થઈ જશે.

**લેખિત ફરિયાદ મળી છે, તપાસ બાકી – તલોદ પી.એસ.આઈ.**

તલોદ સહિત ગ્રામ્ય વિસ્તારોમાં માર્ચ મહિનાના અંતિમ દિવસોમાં મહિલા સહિત ૪ વ્યક્તિઓએ વેપારીના ત્યાં જઈ જી.એસ.ટી.ના અધિકારી હોવાની ઓળખ આપી કેટલાક મુદ્દા ઉપસ્થિત કર્યા હતા અને માતબર રકમ ખંખેરી છે ત્યારે તલોદના વેપારીએ હિંમત દાખવી ફરિયાદ આપતાં અન્ય ઠગાયેલા વેપારીઓ પણ સામે આવે તેવી સંભાવના છે. તલોદ પી.એસ.આઈ., જી.એસ.સ્વામીનો સંપર્ક કરતાં તેઓએ જણાવ્યું કે આ અંગે એક વેપારીની ફરિયાદ મળી છે પરંતુ તપાસ કરવાની બાકી છે.

## તલોદમાં ભાજપ સ્થાપના દિન નિમિત્તે હોદ્દેરોની બેઠક યોજાઈ

તલોદ, તા. ૫

તલોદ પાલિકા હોલમાં ભાજપના શહેર તાલુકા અને જિલ્લાના હોદ્દેદારોની



મોટી હાજરીમાં ભાજપના સ્થાપના દિનની ઉજવણીના ભાગરુપે પ્રભારી જ્યેશભાઈ શાહની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી. સંગઠનના પ્રમુખ દામોદરભાઈ પટેલ, પાલિકા ઉપપ્રમુખ ઋતુલભાઈ પટેલની રાહબરીમાં તમામ હોદ્દેદારોને ૧૯૫૮માં જનસંઘ દ્વારા ભાજપની સ્થાપના કરવામાં આળી હતી. તમામ હોદ્દેદારો ટી.આર. ચોક, ટાવર વિસ્તાર આમ જાહેર સ્થળો, અને હોદ્દેદારો ભાજપનો ધ્વજ લહેરાવી ભારત માતા કી જય ઘોષ સાતે સર્વાનુમતે નિર્ણય લેવાયો હતો.

## પાલનપુરના હનીટ્રેપના ગુનામાં છેલ્લા એક વર્ષથી નાસતો ફરતો આરોપી ઝડપાયો

**ડીસા રૂરલ પોલીસે આબાદ ઝડપી પાડ્યો**



ડીસા, તા. ૫

બનાસકાંઠા-પાલનપુરના પોલીસ અધીક્ષક અક્ષય રાજ મકવાણા તથા નાયબ પોલીસ અધિક્ષક (ડીસા વિભાગ) ની સુચનાથી ડીસા રૂરલ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એસ.એમ.પટણીની રાહબરીમાં પો.સ.ઈ.આર. કે. વાણીયા તથા એ.એસ.આઈ. જસવતસીહ કેશરસીહ તથા પો.કો. મુકેશભાઈ કાશીરામભાઈ વગેરે નાઈટ પેટ્રોલીંગમા આખોલ ચાર રસ્તા ખાતે વાહન ચેકીંગમા હતા. દરમ્યાન પાલનપુર શહેર પશ્ચીમ પો.સ્ટે. ગુ.ર.નં. ૬૦૨/૨૦૨૨ ઈ.પી.કો કલમ ૩૬૪, ૩૯૪ વિ. તથા એટ્રોસીટી એકટના ગુનાનો નાસતો ફરતો આરોપી ગણપતસીહ કપુરસીહ રાજપુત (રહે. યાવરપુરા તા. ડીસા) સ્વીફટ ગાડી (નં જીજે ૩૬ બી ૮૭૨૭) મા મળી આવતા તેને ઝડપી લઈ પાલનપુર શહેર પશ્ચીમ પોલીસ સ્ટેશન ખાતે સોપવા કાર્યવાહી કરવામા આવેલ છે.

# ધાનેરામાં એજ્યુફન ફાઉન્ડેશન સંસ્થા દ્વારા ૬૨ વૃદ્ધોને માવતર તીર્થ યાત્રા કરાવવામાં આવી





ધાનેરા તા.૫

એજયુફન ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા દર વર્ષે ધાનેરા તાલુકાના ગામડાઓમાં જે નિરાધાર અશક્ત વૃદ્ધ કે જેમના બાળકો એમને સાચવતા નથી અને ત્યકતાની રીતે જીવન ગુજારે છે. તેવા વૃદ્ધ, જે ૬૦ વર્ષથી ઉપરના માતા અને વડીલોને સંસ્થા દ્વારા રાશન કીટ ધાબળા સ્વેટર કપડાં વગેરે સહાય કરવામાં આવે છે .અને દર વર્ષે યાત્રાધામના દર્શન કરાવવામાં આવે છે .આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે ,આ વર્ષે તા ૨ એપ્રિલ રવિવારના રોજ સવારે નિરાધાર કુલ ૬૨ વડીલોને વિવિધ ગામોમાંથી કાર્યકર્તાઓ દ્વારા વહેલા ખીચડીઘર લાવવામાં આવ્યા અને વૃદ્ધ વડીલોના પગ ધોઈ અને એમનું પૂજન કરીને યાત્રા પ્રારંભ કરીને પશ્ચિમી સંસ્કૃતિને ભૂલી ભારતીય સનાતન પરંપરાના દાખલો બેસાડ્યો. બસ દ્વારા માંગરોળ(શેણલ માતાજી ઢીમા (ધરણીધર ભગવાન)નડાબેટ(નડેશ્વરી માતાજી)અછવાડા(મહાકાળી માતાજી) ના દર્શન કરાવ્યા વૃધ્ધ લોકોની સેવા માટે હિતેશભાઈ ઠક્કર ચંપકલાલ જાની રજનીકાંત રાવલ, રેવાજી ઠાકોર હંસાભાઈ ડાભી જોરભાઈ પાટીદાર (નિવૃત એરફોર્સ)તેમજ વાસુદેવભાઈ સોની સાથે રહ્યા હતા. અને ઉંમરલાયક વડીલોને સાચવીને તીર્થ દર્શન કરાવ્યા ઢીમા મંદિરમાં જાનકીદાસ બાપુએ વૃદ્ધો સાથે મળ્યા અને ભોજન પ્રસાદ કરાવ્યો વડીલોને રસ્તામાં ભજન સત્સંગ બગીચામાં વિવિધ રમતો રમાડી અને એમને તાંબાનો કળશ ચપ્પલ પ્રસાદી અને ગ્રુપ ફોટોની યાદગીરી રૂપે ભેટ આપી એમને એમના ઘર સુધી ગામડે પહોંચાડવાની વ્યવસ્થા કરી. સંસ્થાના પ્રમુખ પારસભાઈ સોની એ જણાવ્યું કે કોઈપણ કોમવાદ કે જાતિવાદ વગર દરેક જાતિના વૃદ્ધોને ઊંચ નીચના ભેદભાવ વગર આપણે સૌએ દરેક વૃદ્ધોની સેવા ચાકરી કરવી જોઈએ.

## ધાનેરાના ભવરજી રાવ કે જેઓ ચૈત્ર નવરાત્રીના નવ દિવસઃ માત્ર પાણી પર રહીને માતાજીની ઉપાસના કરે છે

ધાનેરા તા. ૫

ધાનેરા માં ભવરજી રાવ જેઓ ચેત્ર નવરાત્રી ના નવ દિવસ માત્ર ને માત્ર પાણી પર રહી ઉપાસના કરી છે. ત્યારે નવ દિવસ સુધી પાણી પર રહી માં કેસર ભવાની અને ગોગમહારાજ ની ઉપાસના કરી રયા છે. અને દૂર દૂર થી લોકો આશીર્વાદ લેવા આવી રયા છે અને આવનાર આવગેવાનો અને વડીલો નું પણ સ્વાગત કરવામાં આવ્યું હતું .આ અંગે વધુ વિગતો આપતાં અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી.



પરમાર નો અહેવાલ વધુમાં જણાવે છે કે ,આમ લગભગ ૧૫ વર્ષ થી આ રીતે રહી માં ની ઉપાસના કરવામાં આવે છે. અને ચોમાસા માં ૪ ચાર મહિના પગ માં પણ કસું પહેરતા નથી અને એક ટાઈમ ભોજન લે છે. ભવરજી રાવ જેઓ માં સધી સિંગોતર ના સેવક છે અને તેવો માની સેવા કરી લોકો ના દુઃખ દૂર કરી રયા છે.

## પ્રાંતિજની દિકરીને તેના સાસરિયા વાળાએ મારઝૂડ કરી બાઈક તથા પાંચ લાખની દહેજની માંગણી કરતા ચાર વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કરી

**પતિ, સાસુ-સસરા, દિયર વિરૂધ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમા પોલીસ ફરિયાદ થઈ : શારીરિક માનસિક ત્રાસ આપી મારઝૂડ કરી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી : પ્રાંતિજ પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી**

પ્રાંતિજ તા.૫

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ની દિકરીને તેનો પતિ સાસુ સસરા દિયર દ્વારા શારીરિક માનસિક ત્રાસ આપી મારઝૂડ કરી દહેજ ની માંગણી કરી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપતા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા પતિ સાસુ સસરા દિયર વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કરી.

પ્રાંતિજના સીરાણવાસ વિસ્તારમા રહેતી જરીના બાનુના લગ્ન ધોળકા ખાતે રહેતા મોહમદ જાકીર મોહમદ જાફરહુસૈન અંસારી સાથે થયા છે અને તેનો પતિ સાસુ સસરા દિયર લગ્ન જીવન દરમિયાન અવરનવર ઘરના કામકાજ મા બોલાચાલી કરી તુ તારા બાપના ઘરેથી કશુ લાવેલ નથી તેમ કહી શારીરિક માનસિક ત્રાસ આપી મારઝૂડ કરી એકબીજા ની મદદગીરી કરી હતી તો જરીના બાનુ ને તેનો પતિ મોહમદજાકીર દ્વારા તારા બાપને કહેકે મને મોટર સાયકલ તથા પાંચ લાખ રૂપિયા રોકડા આપે કહી દહેજ ની માંગણી કરી દહેજ નહી આપેતો જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી એકબીજા ની મદદગારી કરતા પ્રાંતિજ ની દિકરી દ્વારા તેના પિતા ના ઘરે આવી જઈ પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા પતિ મોહમદજાકીર મોહમદજાફર હુસૈન અંસારી સસરા મોહમદજાફર હુસૈન ઈદ્રીશ અંસારી સાસુ હસીનાબાનુ મોહમદ જાફરહુસૈન તથા દિયર મહમદ સાકીર સઓ મહમદ જાફરહુસૈન અંસારી તમામ રહે. ધોળકા બિસ્મીલા પાર્ક સોસાયટી તા.ધોળકા જિ અમદાવાદ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કરતા પ્રાંતિજ પોલીસે આઈપીસીકલમ-૪૯૮(ક), ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨),૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારા ની કલમ-૪ મુજબ ગુનોનોંધી આગળની તપાસ હેડ કોન્સ્ટેબલ રાજેશકુમાર દલજીભાઈ દ્વારા હાથધરવામા આવી છે.

# તલોદની આંગડિયા પેઢીના સંચાલક પાસેથી ઠગાઈ કરી ભાગી ગયેલા ૨ આરોપીઓ ઝડપાયા

તલોદ તા.૫

સાબરકાંઠા જિલ્લાના તલોદ માર્કેટ યાર્ડ માં આંગડિયા અને કુરિયર સર્વિસ કરતી પેઢી ના સંચાલક સાથે છેતરપિંડી / ઠગાઈ કરીને સાડા ત્રણ લાખ રૂપિયા સેરવી લઈને ફરાર થઈ જાય ગયેલા ૨ આરોપી ઈસમો ને પોલીસે મોરબી ખાતેથી ઝડપી લઈને કાર્યવાહી કાર્યવાહી હાથ ધરી છે.

ઉલ્લેખનીય છે કે, તલોદ માર્કેટ યાર્ડ માં દુકાન. નં.૧૧૭ માં હાજીપુરા ના જસપાલ સિંહ વિહોલા એ એમ.એચ.આંગડિયા એન્ડ કુરિયર સર્વિસ નામની પેઢી ખોલી ને કારોબાર શરૂ કર્યો હતો. ગત માર્ચ માસમાં કેટલાક ચાલ બાજ ઈસમો એ આંગડિયા માં પૈસા આપ લે સંદર્ભ ના કામે તલોદ માર્કેટ યાર્ડ ના અન્ય વેપારી ને નામે ફોન કરેલો અને વિશ્વાસ સંપાદન કરીને ભુજ ની આંગડિયા પેઢીના નામે પીડીએફ મંગાવી હવાલા થકી રૂ.૩ લાખ ૪૯ હજાર ૬૫૦ સેરવી લીધા હતા.બાદ તે આરોપીઓ પોતાના મોબાઈલ ફોન ઓફ કરી દઈને માલ મળી જતાં અમન ચમન માં રાચતા હતા .પરંતુ તેમના





મોબાઈલ ચાલુ થતાં તે આધારે તેમનું લોકેશન મળી જતા તલોદ પીએસઆઈ ની ટીમ તેઓ સુધી પહોંચી ગઈ હતી.

ઘટના ના ગુના ની પોલીસ ફરિયાદ જસપાલ સિંહ એ નોંધાવતા તે ગુનાની તપાસ તલોદ પીએસઆઈ જી એસ સ્વામી એ હાથ ધરી હતી...જેમાં ટેકનોલોજી આધારે તપાસ જારી રાખીને આખરે મોરબી થી ૨ ઈસમો ને દબોચી લીધા હતા. જેમાં રણજીત સિંહ વાઘેલા અને ભરત ભાઈ કણજારીયા નો સમાવેશ થાય છે .જેઓ પાસેથી પોલીસે તત્કાળ રૂ ૫૦ હજાર રોકડા કબ્જે કરી લીધા હતા અને ધોરણસર ની કાર્યવાહી હાથ ધરી હતી.જે અંગેના ગુના ની કબૂલાત આરોપીઓ એ કરી પણ લીધી હતી.

## પ્રાંતિજના જેસગપુરા પાસે બાઈક સ્લીપ ખાઈ જતા બાઈક સવારનું મોત

પ્રાંતિજ તા.૫

સાબરકાંઠા જિલ્લા ના નેશનલ હાઈવેઆઠ પ્રાંતિજ ના જેસગપુરા પાટીયા પાસે બાઈક સ્લીપ ખાઈ જતા બાઈક ચાલક ને ગંભીર ઈજાઓ પોહચતા મોત નિપજયુ. અમદાવાદ-હિંમતનગર નેશનલ હાઈવેઆઠ પ્રાંતિજ ના જેસગપુરા પાટીયા પાસે બાઈક ચાલક ફુલફાસ્ટ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી બાઈક અચાનક રોડ ઉપર સ્લીપ ખાઈ ગયુ હતુ જેમા વિજયનગર તાલુકાના પાડેલા (નવાગામ) ના વિક્રમ ભાઈ વાધાજી ડામોર ને રોડ વચ્ચોવચ પટકાતા શરીરે ગંભીર ઈજાઓ પોહચી હતી જેને લઈ ને ઘટના સ્થળ ઉપર જ કમકમાટી ભર્યુ મોત નિપજયુ હતુ તો પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા બદાજી વાધાજી વજાજી ડામોર રહે પાડેલા (નવાગામ) તા.વિજયનગર જિ. સાબરકાંઠા દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશન ફરીયાદ કરતા પ્રાંતિજ પોલીસ સ્ટેશનના પી એસાઈ બી .ડી રાઠોડ દ્વારા તપાસ હાથ ધરવામા આવી છે.